જામનગરમાં વિવેકધૈર્યાશ્રય શિબીરમાં પહેલા દિવસે પુ.પા.ગોસ્વામી ૧૦૮ શ્રી વસંતરાયજી મહારાજશ્રીની વાણીથી વાતાવરણ ભક્તિમય : અનેક ભક્તો શિબિરમાં જોડાયા



જામનગર માં વિવેકધૈર્યાશ્રય શિબીરમાં પહેલા દિવસે પુ.પા.ગોસ્વામી ૧૦૮ શ્રી વસંતરાયજી મહારાજશ્રી ની દિવ્ય અમૃતમય વાણીથી શ્રોતાઓમાં હૃદય ભગવદ રસથી ભીંજાયા. વૈષ્ણવાચાર્ય પુ.પા ગોસ્વામી ૧૦૮ શ્રી વસંતરાયજી મહારાજ ની કૃપા એવમ આશીર્વાદ થી શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી દ્વારા રચિત વિવેકધૈર્યાશ્રય ગ્રંથની વચનામૃત શિબિર ચાલી રહેલ છે. જેમાં પેહેલે જ દિવસે વિશાળ સંખ્યામાં શ્રોતાઓ એ આચાર્યશ્રી ના વચનામૃત નું રસપાન કર્યું. પહેલા દિવસના વચનામૃતમાં આપશ્રીએ ''પ્રભુ મમ: હિતકારી'', ''મમ: પ્રભુશ્રી ગીરીરાજધારી'' જેવા વચનો થી ભક્ત એ પ્રભુમાં દ્રઢ ભરોસો અને આશ્રય રાખવા સુંદર સમજ આપી હતી અને ઉપસ્થિત તમામ શ્રોતાઓના હૃદય ભગવદ રસથી ભીંજાવ્યા હતા. તદઉપરાંત આ શિબિરમાં રાજકોટથી શ્રી કૃષ્ણાશ્રય હવેલીના વૈષ્ણવાચાર્ય પૂ.પા. ગોસ્વામી ૧૦૮શ્રી અક્ષયકુમારજીની વિશેષ ઉપસ્થિતિ રહી સર્વેને આર્શીવચન પાઠવ્યા હતા. પૂ.પા. ગોસ્વામીશ્રી વસંતરાયજી મહારાજની જામનગરમાં સૌ પ્રથમ શિબિર યોજાઈ રહી છે ત્યારે જામનગર શહેર ઉપરાંત જીલ્લામાંથી પણ અનેક વૈષ્ણવો અને ભક્તજનો ખાસ ઉપસ્થિત રહે છે. આ શિબીર તા.૧૭ એપ્રિલ સુધી બપોરે ૩:૩૦ થી સાંજના ૬:૩૦ સુધી પટેલ સમાજ, રણજીનગર ખાતે ચાલવાની હોય મનોરથી શ્રી જગદીશભાઈ બળેજા સાથે સંયોજક તરીકે ગંગદાસભાઈ ગજેરા, બાબુભાઈ અજુડીયા, કિશનભાઈ કમાણી અને ગોવિંદભાઈ ધામેલીયા દ્વારા લોકોને લાભ લેવા અનુરોધ છે.

સાડા ત્રણ લાખનો મુદ્દામાલ: ચારના નામ ખૂલ્યા:

મહાદેવનગરમાં રહેણાંક મકાનમાંથી દારૂની ૪૯૨ બોટલ સાથે એક ઝબ્બે

જામનગર તા.૧૫ : જામનગરના મહાદેવનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી એલસીબીએ દરોડો પાડતા ૪૯૨ બોટલ દારૂ સાથે એક શખ્સ ઝડપાઈ ગયો છે. તેણે પોતાના ચાર સાગરિતના નામ આપ્યા છે. રૂપિયા સાડા ત્રણેક લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

જામનગરના મહાદેવનગર વિસ્તારમાં એક શખ્સના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી એલસીબીના અરજણભાઈ, મયુદ્દીન, ધર્મેન્દ્રસિંહ, સુમીત ક્ષિયારને મળતા પીઆઈ વી.એમ. લગારીયાને વાકેફ કરાયા પછી પીએસઆઈ પી.એન. મોરી, સી.એમ. કાંટેલીયાના વડપણ હેઠળ એલસીબી ટીમે સાતનાલા નજીક યાદવનગર-ભક્તિ નગરમાં પિયુષ ગોવિંદભાઈ ડેર નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો.

તે મકાનની તલાશી લેવામાં આવતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૪૯૨ બોટલ ભરેલી ૪૧ પેટી મળી આવી હતી.

અંદાજે રૂા.૩,૪૧,૦૬૪ ની કિંમતના દારૂના જથ્થા તથા એક મોબાઈલ સાથે પિયુષ ગોવિંદભાઈ ડેરની અટકાયત કરવામાં આવી છે. આ શખ્સે દારૂનો ઉપરોક્ત જથ્થો વેચાણ માટે દિલ્હીથી લાવ્યો હોવાની કબૂલાત કરી પોતાના સાગરિત મયુર કરશનભાઈ ભાટીયા તેમજ દારૂનો જથ્થો રાખવા માટે મકાન ભાડે આપનાર જીવા ગઢવી, રણજીતસિંહ પ્રભાતસિંહ સોઢા તથા લાખા દલુ ગઢવીના નામ પણ એલસીબી સમક્ષ આપ્યા છે. પાંચેય સામે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવાયો છે.

નાગેશ્વર-બેટ દ્વારકા-જૈનતીર્થ-ગોપી તળાવ-બીચ અને રૂક્ષમણી મંદિરની મધ્યે ડેસ્ટિનેશન

દ્વારકાના વસઈમાં સૂચિત એરપોર્ટના નિર્માણ માટે તંત્રની કવાયત: જમીનોના ભાવ ઉંચકાયા

દ્વારકા-નાગેશ્વરનો ૧૦ કિ.મી.નો માર્ગ સિક્સલેન બનશે, પ્રવાસન સરકીટની વિકાસના ખૂલશે દ્વાર

(તસ્વીરઃ રવિ બારાઈ)

દ્વારકા તા. ૧૫: દ્વારકા નજીક વસઈમાં એરપોર્ટ બનશે, તેવા અહેવાલો વહેતા થતા સ્થાનિકોમાં ખુશીની લહેર દોડી ગઈ છે, અને એ પથંકની જમીનના ભાવો પણ ઉંચકાયા છે, વસઈથી બેટદ્વારકા, ગોપીતળાવ, દ્વારકા, રૂક્ષમણિ મંદિર, બીચ વિગેરે નજીક થતાં હોવાથી આ પ્રવાસન સરકીટના વિકાસના દ્વાર ખૂલશે, વસઈમાં પણ જૈનતિર્થનું પુરાતત્વ આરક્ષિત સ્થળ આવેલું છે.

દેશના પ્રમુખ યાત્રાધામ અને વિશ્વ લાખો હિન્દુઓના આરાધ્ય દેવ ભગવાન શ્રી કૃષ્ણની પૌરાણિક દ્વારકા નગરી સહિતના ક્ષેત્રના વિકાસની વણથભી વણઝાર રાજ્ય અને કેન્દ્ર સરકારો દ્વારા શરૂ કરવામાં આવી છે. તાજેતરમાં જ રાજ્ય સરકારે દ્વારકાથી માત્ર ૧૫ કિ.મી.એ આવેલ વસઈ ગામના સીમાડાની જમીન ઉપર અતિ આધુનિક સુવિધાસભર હવાઈ પટ્ટી બનાવવાની જાહેરાતથી સ્થાનીકોમાં વિકાસલક્ષી ઉત્સાહ જોવા મળ્યો છે.

વસઈ ગામે એરપોર્ટ બનવાના સમાચારથી નાગેશ્વર જ્યોતિર્લીંગ તથા આસપાસના વિસ્તારોની ખેતીની જમીનોના ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. અને એ પણ નોંધનીય છે કે, સૂચિત વસઈ એરપોર્ટથી નાગેશ્વર જ્યોતિર્લીંગ તથા ભગવાન શ્રીકૃષ્ણનું ઐતિહાસીક ગોપી તીર્થ ક્ષેત્ર બન્ને ૫ થી ૬ કિ.મી.ના અંતરે આવેલા છે ઉપરાંત વસઈ ગામ પણ પ્રાચીન વિરાસતનો અદ્ભુત ઉદાહરણ છે વસઈ ગામે જૈન સમાજના ભગવાનશ્રી નેમિનાથજીનું શિલ્પ કલાના અદ્ભુત નમૂના સ્વરૂપનું જૈન મંદિર પણ આવેલ છે અને આ મંદિર ભારતીય ઓર્કોલોજીકલના રક્ષિત સ્મારક તરીકે વિભાગના તાબામાં રહેલું છે. જેની જાણવણી અને વિકાસ ભારતીય પુરાતત્વ વિભાગ કરી રહ્યું છે. આમ વસઈ એરપોર્ટ જો બનશે તો દ્વારકા, બેટ- દ્વારકા, નાગેશ્વર જ્યોતિર્લીંગ, ગોપીતીર્થ ક્ષેત્રની સાથે વસઈના જૈન તીર્થ ક્ષેત્રનો પણ વિકાસ થશે અને જૈન સમાજ આ પ્રાચીન તીર્થક્ષેત્રના દર્શન માટે ઉભરાઈ આવશે. સાથે જ દ્વારકા-નાગેશ્વર જ્યોતિર્લીંગના હાઈવે માર્ગોને પણ સીકસ લેન્ડ માર્ગ બનાવવાના ટેન્ડરો પણ બહાર પડી ચૂકયા હોવાનું વર્તુળોએ જણાવ્યું છે.

વસઈમાં પ્રાચીન જૈન મંદિર સહિત પુરાતત્ત્વ આરક્ષિત કલાત્મક મંદિરો આવેલા હોઈ, આ સ્થળ પણ ગ્લોબલ ડેસ્ટીનેશન બનશે

બોગસ લાયસન્સ કૌભાંડમાં નગરના ત્રણ શખ્સ પણ સંડોવાયાનો ઘટસ્ફોટ

એસઓજીએ જાણવાજોગ નોંધી:

જામનગર તા.૧૫ : લાયસન્સ ઈસ્યુ કરવાના હથિયાર રાખવા માટે બનાવટી કૌભાંડને નાગાલેન્ડ તથા મણીપુર રાજ્યમાંથી ડીટેક્ટ કરવામાં આવ્યા પછી એટીએસની ટીમે જામનગરના ૩ શખ્સ પણ આવી રીતે બોગસ લાયસન્સ મેળવી હથિયાર લઈ ચૂકયા હોવાનો ઘટસ્ફોટ કરતા જામનગર એસઓજી તપાસમાં જોડાઈ છે. હાલમાં આ ત્રણેય શખ્સ ગુમ થઈ ગયા છે.

નાગાલેન્ડ-મણીપુર રાજ્યમાંથી હથિયારના બનાવટી લાયસન્સ ઈસ્યુ કરવાના કેસમાં પકડાયેલા મુખ્ય આરોપીઓની તપાસ કરી રહેલી સુરેન્દ્રનગર એસઓજી અને એટીએસના અધિકારીઓની તપાસમાં ખૂલ્યું હતું કે, જામનગરના સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ આવતા વિસ્તારમાં ચીટીંગના ગુન્હામાં સંડોવાયેલા વનરાજ સિંહ પ્રવીણસિંહ વાળા અને સત્યેન્દ્રસિંહ યોગરાજસિંહ જાડેજા ઉપરાંત જહાંગીર યુસુફ ખફી નામના ત્રણ શખ્સે હથિયાર માટે બોગસ લાયસન્સ મેળવી હથિયાર મેળવી લીધા છે.

ઉંડી ઉતરેલી એટીએસે સુરતમાં ગુન્હો નોંધ્યા પછી જામનગર એસઓજીની ટીમ હરકતમાં આવી છે અને આ મામલે જાણવાજોગ એન્ટ્રી કરી છે. ઉપરોક્ત હથિયાર તેમજ બોગસ લાયસન્સ પ્રકરણમાં ઉંડાણપૂર્વકની તપાસ કરાઈ રહી છે.

ભાણવડના સઈ દેવરીયામાં ભરબપોરે બઘડાટી:

રોટલી કાચી હોવાનું કહી સળીયાથી પતિએ માર માર્યાની પત્નીની ફરિયાદ

જામનગર તા.૧૫ : ભાણવડના સઈ દેવરીયા ગામમાં રોટલી કાચી કેમ છે તેમ કહી પતિએ રોટલીના ડબ્બાનો પત્ની પર ઘા કરી સળીયાથી હુમલો કરી માર મારવા ઉપરાંત પતાવી દેવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ કરાઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના સઈ દેવરીયા ગામના રહેવાસી નીતાબેન વિજયભાઈ કેશવાલા નામના મહિલાએ ભાણવડ પોલીસ મથકમાં પોતાના પતિ વિજય હમીર કેશવાલા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે પતિ વિજય જ્યારે ઘેર જમવા આવ્યો ત્યારે તેણે રોટલી કાચી કેમ છે તેમ કહી રોટલીના ડબ્બાનો પત્ની નીતાબેન પર ઘા કરતા આ મહિલાને પીઠમાં ઈજા થઈ હતી. તે પછી સળીયાથી હુમલો કરી વિજયે તેના ત્રણેક ફટકા પત્નીના પગમાં મારી દીધા હતા અને ગળુ દબાવી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે પતિ સામે ગુન્હો નોંધ્યો છે.

હવે એનડીએની સરકાર નહીં બને: તેજસ્વી યાદવ

બિહારમાં કોંગ્રેસ-આરજેડીનું ગઠબંધન લડશે વિધાનસભાની ચૂંટણી: પટણામાં તા. ૧૭ ના બેઠક

નવી દિલ્હી તા. ૧૫: આજે નવી દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને અધ્યક્ષસ્થાને રાહુલગાંધીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ બિહારમાં આગામી વિધાનસભાની ચૂંટણી આરજેડી અને કોંગ્રેસ સહિતના પક્ષોનું ગઠબંધન લડશે. તેજસ્વી યાદવે બેઠક પછી જણાવ્યું કે, સકારાત્મક વાતચીત થઈ છે, હવે બિહારમાં એનડીએની સરકાર નહીં રચાય. અમે સાથે બેસીને મુખ્યમંત્રીનો ચહેરો નક્કી કરીશું. મુખ્યમંત્રીને લઈને ચિંતા નથી, મુખ્ય ઉદ્દેશ્ય એનડીએને સત્તામાંથી વિદાય આપવાનો છે.

તેમણે કહ્યું કે, સીટ શેરીંગ અને કોમન મીનીમમ પ્રોગ્રામ નક્કી કરવા તા. ૧૭-એપ્રિલના પટણામાં ગઠબંધનની બેઠક યોજાશે.

આમાં ઢોર પકડવાની કામગીરીનું શું માનવું ?

જામનગર મહાનગરપાલિકાના મેદાનમાં જ ઢોર ઘૂસી જતા હાંકી કાઢવા થઈ દોડધામ

જામનગર તા. ૧૫: જામનગર મહાનગરપાલિકા કચેરીના મેદાનમાં આજે એક ઢોરનું આગમન થતા સિક્યોરીટી દ્વારા તેને કચેરીની બહાર ધકેલી દેવાયું હતું. ગામમાંથી ઢોર પકડવાની કામગીરીના દાવા કરતા મનપાના તંત્ર માટે આ સણસણતા તમાચા સમાન હતું.

જામનગર મહાનગર-પાલિકા દ્વારા શહેરમાંથી ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે છે તેવા દાવા થઈ રહ્યા છે, જ્યારે આજે મહાનગર-પાલિકા કચેરીમાં એક રસ્તે રઝળતું ઢોર ઘૂસી ગયું હતું અને મેદાનમાં આંટાફેરા કરતું જોવા મળતા સિક્યોરીટી સ્ટાફે આ ઢોરને હાંકી કાઢ્યું હતું. આ સમયે થોડીવાર માટે દોડાદોડી થઈ પડી હતી, કારણ કે આ ઢોર મનપાના મેદાનમાં ઘૂસી જતા તે ઢોર પકડવાની કામગીરી સામે શંકા દર્શાવે છે.

ગરમીમાં ઘટાડો થતા શહેરીજનોને રાહત:

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી

જામનગર તા. ૧૫: નગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં નજીવા વધારા સાથે મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી નોંધાયું હતું. તેજીલા વાયરાઓના પગલે જનતાને ગરમીમાંથી રાહત મળી હતી. જામનગરમાં મંગળવારે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન આંશિક વધીને મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી અને એક ડીગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન પચ્ચીસ ડીગ્રી નોંધાયું હતું. નગરમાં પવનની ગતિ વધીને પ્રતિકલાકની સરેરાશ ૩૫ થી ૪૦ કિ.મી.ની રહેવા પામી હતી. ઝાપટીતે ફૂંકાતા તેજીલા વાયરાઓના પગલે ગરમીનું જોર ઓછું રહેતા પ્રજાજનોએ રાહત અનુભવી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ નહીંવત્ ઘટીને ૮૦ ટકા રહ્યું હતું.

દુઃખદ અવસાનઃ

સાદડી

સ્વ. ઠ. પ્રેમજીભાઈ મોરારજીભાઈ નથવાણી
સ્વ.તા.૧૩-૦૪-૨૦૨૫

મૂળ ગામ મોટી વેરાવળ (લોહાણાનું) હાલ જામનગર નિવાસી ઠક્કર પ્રેમજીભાઈ મોરારજીભાઈ નથવાણી (ઉ.વ.૧૦૧) તે સ્વ. લલિતભાઈ, સ્વ. ભરતભાઈ તેમજ ગુલાબભાઈ, મનીષભાઈ, નિર્મળાબેન નિલેષકુમાર મોનાણી તેમજ રંજનબેન મુકેશકુમાર સુબાના પિતાશ્રી તેમજ જતીન, નિકુલ, સાગર, માધવના દાદા તા.૧૪-૦૪-૨૦૨૫ (સોમવાર)ના શ્રીજીચરણ પામેલ છે.
સદ્ગતનું ઉઠમણું તેમજ સસરા પક્ષની સાદડી તા.૧૭-૦૪-૨૦૨૫ (ગુરુવાર)ના સાંજે ૦૪ થી ૦૪-૩૦ દરમ્યાન જલારામ મંદિર, સાધના કોલોની, જામનગરમાં ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવી છે.

વિ.
ગુલાબભાઈ - ૮૨૦૦ ૨૨૦ ૬૨૬
મનિષભાઈ - ૯૮૨૪ ૭૨૮ ૫૪૭
જતીનભાઈ - ૮૧૪૧ ૫૩૯ ૩૦૦
નથવાણી પરિવારના જયશ્રી કૃષ્ણ...

જીગરી દોસ્તને શ્રદ્ધાંજલિ

સ્વ. યોગેશ પી. ઠાકર (યોગી)
સ્વ. તા. ૧૩-૦૪-૨૦૨૫

ધૂમકેતુનો તારો ખરી ગયો...
નટખટ નાટ્ય,ફિલ્મ કલાકારે
ઓસ્ક્તિ એક્સિડેટ લઈ લીધી
ક્યાંથી મળશે એ દાનવીર કે જેને
૧૦૦ થી વધુ લોકોને બ્લડ ડોનેટ કરી ગવર્નર
અને મુખ્યમંત્રીને મુગ્ધ કરી મૂક્યા
જીગરી ભેરુ બંધુ,
સૌજન્ય શીલ સખો, દુઃખમાં સદા હસ્તો
મહાદેવનો પરમ ભક્ત
હવે નથી રહ્યો તે મન માનતુ નથી
જીગરી 'યોગી'ને સ્નેહભરી યાદ...
વિ. તમા જુમરી
જયેશ ઓઝા, કમલેશ ઓઝા
ખગેશ વૈદ્ય, મિલન વૈદ્ય, પાર્થસારથી વૈદ્ય

TATA IPL આજની મેચ

પંજાબ કિંગ્સ
V/s
કોલકાતા નાઈટ રાઈડર્સ

સમયઃ સાંજે ૭:૩૦ કલાકે

ચાલો નેપાળ
કાઠમાંડુ, અયોધ્યા, જનકપુર, લુંબીની, પોખરા, મનોકામના માતા, ચીતવન જંગલ સફારી
સ્વાદીષ્ટ ગુજરાતી ભોજન સાથે
યાત્રા તા.23-જુન-2024
દિ.૧૬ AC કોચ ટ્રેન દ્વારા
જય દ્વારકાધીશ યાત્રા સંઘ
તુષાર 90990 47788
પ્રજાપતિ 98989 08885

Rajkot Cancer Society
1 Tirupatinagar, Nirmala Convent Road, Rajkot.
કેન્સરને લગતા રોગોના નિષ્ણાંત જામખંભાળિયામાં

ડૉ નિશાંત માધાણી
કન્સલ્ટન્ટ રેડિએશન ઓન્કોલોજિસ્ટ
તારીખ : 18/04/2025
દર મહિનાના પહેલા શુક્રવાર
તપાસ ફી : 500/-
સ્થળ : શુભમ હોસ્પિટલ, સલાયા ફાટક પાસે, જામખંભાળિયા.
સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૧.૦૦ વાગ્યા સુધી
વધુ માહિતી અને નામ નોંધાવવા માટે સંપર્ક કરો : 94269 56406

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752